# મામ્પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો...



નવરાત્રીના ચોથા દિવસે સેકટર-૧ ઉબી, શ્રી અંબાજી મંદિર, પારીજાત/ધનલક્ષ્મી એપાર્ટમેન્ટ ખાતે નગરજનોએ આરતી અને માતાજીના દર્શનનો લાભ લીધો હતો.



કુડાસણ ગામમાં માતાજીની માંડવીની માઈ ભક્તોએ આરતી અને પૂજા કરી હતી. સાથે સરકારની ગાઈડલાઈન્સનું પણ પાલન કર્યું હતું.



સેકટર-૫એ શિવશક્તિ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ આરતીનો લ્હાવો લીધો હતો. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે વસાહતીઓ આરતીમાં જોડાયા હતા.



સેકટર-૬સીનાં કોર્પોરેટર હિરલબેન ઉર્પલ જોષી દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે વસાહતીઓ આરતીમાં જોડાયા હતા.



સેકટર-૩સી શિવશક્તિ અંબાજી મંદિર ખાતે નવરાત્રીની સાદાઈથી ઉજવણી થઈ રહી છે. વસાહતી બાઈ-બહેનો એકત્ર થઈ દરરોજ માની આરતી કરી રહ્યા છે અને સૌ સારાવાના થાય એવી પ્રાર્થના કરી રહ્યા છે.



ગાંધીનગરના ધોડાઈ પરિવાર દ્વારા પારિવારિક ગરબા રમી નવરાત્રીની ઊજવણી કરવામાં આવી હતી. તે તસ્વીરમાં દશ્યમાન થાય છે...



એસ એસ વી કેમ્પસમાં કોવિડ-૧૯ ની ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખી માસ્ક, શોશિયલ ડીસ્ટન્સનું ધ્યાન રાખી શિક્ષકો, પ્રિન્સીપાલ અને ટ્રસ્ટીગણે ભાગ લીધો હતો. જેની સાથે સાથે પ્રિન્સીપાલ, દરેક શિક્ષકગણ અને એડમીન દ્વારા કોવીડ-૧૯ ને હરાવવા માટે ગાઈડલાઈન્સ મુજબ સમયાન્તરે હાથ ધોવા, માસ્ક પહેરવા, સોસિયલ ડીસ્ટન્સનું પાલન અને પોતે કોવીડ-૧૯ થી બચવા માટે શપથ ગ્રહણ કરી હતી.



ખેલૈયાઓ રમ્યા વગર નવરાત્રી મનાવતા નથી. આજે આરતી બાદ માના નામનો પાંચ રાઉન્ડ ગરબે ગુમ્યા સરકારના નિયમોનું ચુસ્ત પાલન કર્યું હતું.

## જીવનનું ગણિત



લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

વરસો પહેલાં ગણિતના શિક્ષક કંઈક નવું શીખવતા અને અમે લોકો માથું ખંજવાળતા એકબીજા સામે જોઈ રહેતા. માથામાં જૂ ન હતી પડી, પણ ભારેભરખમ એવા શબ્દ જોઈને અમારા માથામાંથી પરસેવો છૂટતો અને એ રેલો રગડતો રગડતો જેમ આગળ વધે એમ એમ એટલા ભાગમાં ખંજવાળ આવી જતી.

આજે વરસો બાદ ફરીથી એ જ ભારેભરખમ બે શબ્દો સાથે મુલાકાત થઈ અને ફરી માથામાં ખંજવાળ ઉપડી આવી. આ વખતે કારણ જુઓ ન હતી, પરસેવો પણ ન હતો, પણ એ શબ્દોના ભય...નામ જ કેવા ખરતનાખ રાખ્યા છે,

''ગુ.સા.અ.' જાણે ગુસ્સે થઈને આપણી સામે તકાયેલી કોઈ મિસાઈલ જોઈલો. સેમ આવું જ એના જોડિયા ભાઈ જેવું બીજું નામ, ''લ.સા.અ.'' બોલતા બોલતા જ લસરી પડાય. મને તો ભૈસાબ આ બંનેની બહુ જ બીક લાગતી. સરવાળા બાદબાકી સરળ હતા. એટલું કર્યું ત્યાં સુધી તો મનમાં એમ કે આપણું ગણિત કંઈ ના બગાડી શકે. આવવા જ દો, ગમે તેવી મોટી રકમ હોય આમ ચપટી વગાડતા જ જોડી નાખું કે કાપી નાખું. પછી આવ્યા ઘડિયા...અને થોડો થોડો ગણિત પ્રત્યેનો મોહ છૂટવા લાગ્યો.

એમાંય એકથી લઈને દસ સુધી તો એને યાદ રાખવા જે મહેનત કરેલી એ રંગ લાવી પણ એનાથી આગળ અગિયારથી લઈને વીસ સુધીના ઘડિયા યાદ રાખવા મારા નાનકડા, કોમળ મગજ ઉપર જુલમ ગુજારવા જેવું લાગતું. તોય મેં એ પડાવ પણ મહિનાની મહેનતને અંતે પસાર કરેલો. ગુણાકાર, ભાગાકાર કરતા હવે આવડી ગયું હતું. ગણિત પ્રત્યે પાછો થોડો અનુરાગ જાગવા લાગેલો ત્યાં જ આ બે વિનાશક મિસાઈલ જેવા નવા શબ્દો આવી ગયા...

સ્કૂલના દિવસોમાં તો ખાસ એના માટે જ થઈને ટ્યુશન રખાવું પડેલું. જેમ તેમ કરીને એ પડાવ પાર કરી ગયેલા. મેં તો સોગંધ ખાધેલી કે એકવાર આ ગણિતથી કેડો છૂટે પછી જિંદગીમાં ફરી ક્યારેય એનું નામ નહિ લઉં. સરવાળા બાદબાકી કે વધારેમાં વધારે ગુણાકાર ભાગાકાર ઠીક છે, પણ એનાથી આગળ કે પાછળ ક્યારેય નહિ જોવું. ખેર આપણે તો પ્રતિજ્ઞા કરી નાખીએ પણ એને પૂરી ના કરી શકીએ એવી કંઈ ને કંઈ રમત નિયતિ આપણી સાથે રમતી જ રહે છે. મારી સાથે જ જુઓને, જે ભારેખમ શબ્દોએ મને પરેશાન કરી મુકેલી એ જ બે મિસાઈલ મારા માસૂમ દીકરા ઉપર આવીને પડેલી. એક તો આ કોરોના જેવા રાક્ષસને લીધે એનું સ્કૂલમાં જવાનું બિલકુલ બંધ છે, ઓનલાઈન ક્લાસમાં નેટવર્ક સહેજ ધીમું પડે કે છોકરાનું ધ્યાન સહેજ બીજે દોરવાય મેડમ શું બોલી ગયા એ ખ્યાલ જ ના આવે. મને મારા દીકરાને રોજ ભણાવવાની કટેવ છે. એ ભલે કહે કે એને બધું આવડે છે પણ હું જાતે ચેક ના કરું ત્યાં સુધી માનું નહિ અને આમ જ ગણિત સાથે આજે ફરી મુકાબલો કરવાનો વારો આવ્યો...

દીકરાને શીખવવા પહેલાં મેં બધું જૂનું, ભુલાઈ ગયેલું ફરી યાદ કર્યું. આ વખતે સરળતાથી બધું આવડી ગયું. અહીંયા ગણિતના આ બે ટોપિક જોતા જોતા મને એમાં દાખલા સિવાય બીજું પણ કંઈ દેખાયું. ગુરૂત્તમ સામાન્ય અવયવ અને લગુત્તમ સામાન્ય અવયવિને મેં માણસો સાથે સરખાવ્યું!

આટલી વિશાળ દુનિયામાં કેટલાક માણસો એવા છે જેમની સાથે તમારા કેટલાક ગુણ કોમન નીકળી આવે, બંનેમાં સામાન્ય છે અને એ ગુણ જ નક્કી કરે છે તમારા સંબંધનું આયુષ્ય. હવે ગણિત ભૂલી જાઓ અને માણસો વિશે વિચારો. તમારા અને તમારા ઓળખીતા વ્યક્તિઓમાંથી તમારા મળતા આવતા અને ન મળતાં આવતા ગુણોનો ગુ.સા.અ કાઢો. કોઈ વ્યક્તિ તમને કેમ ગમે છે અને કોઈ કેમ નથી ગમતી એ ખ્યાલ આવી જશે. ક્યાં સુધારો કરવાની જરૂર છે એ પણ થોડું થોડું સમજાઈ જશે. મેં ગણિતને માણસો સાથે, આજના વ્યવહારિક જીવન સાથે જોડી મારા દીકરાને શીખવ્યું અને એ બે દિવસમાં જાતે દાખલા ગણતો થઈ ગયો.

**અમસ્તું,**

વાત ગણિતની હોય કે જીવનની જો તમને બે રકમ/વ્યક્તિઓ વચ્ચેના ગુણોની સમાનતા અને અસમાનતા જોતા આવડી જાય તો દાખલો સરળ બની જાય.

@kapadianiyati

## જન્મદિને વધામણી



આરતીબેન બાબુભાઈ નાયી



સાહિલ ઝાલા
મો. ૭૫૬૭૦૫૬૩૮૨



કરણ રામી
મો. ૯૨૬૫૧ ૦૨૮૪૪



હેતલબેન જી શર્મા
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬